માર્ચ ૨૦૧૭

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



## સંગ તેવો રંગ

બાળમિત્રો,

# સંપાદકીય

'સંગ તેવો રંગ ?' - આ કહેવત આપણે સૌ નાનપણથી સાંભળતા આવ્યા છીએ. છતાં આજે મને તમારી સાથે આ બાબતે નવી નવી વાતો કરવાનું મન થાય છે.

પરમ પૂજ્ય દાદાશ્રીએ પણ સંગને બહુ મહત્વ આપ્યું છે. તેઓ કાયમ કહેતા કે 'સંગ તેવો રંગ'. માટે હંમેશા સારા વ્યક્તિના સંગમાં રહેવું.

એ તો આપણે સમજી ગયા કે સારાના સંગમાં રહેવું હિતકારી છે. પણ ખરાબ વ્યક્તિનો સંગ કેવી રીતે નુકસાનકારી છે, એ પણ સમજવું એટલું જ મહત્વનું છે.

તો આવો, આ અંકમાં આપણે સારી અને ખરાબ, બંને સંગની અસરો, એની લાક્ષણિકતાઓ સમજીએ. અને ખરાબ સોબતમાંથી છૂટી જઈએ.

-ડિમ્પલ મહેતા

# સંગ તેવો રંગ

# અક્રમ એક્સપ્રેસ




**Printed & Published by**

**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Owned by**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

**Published at**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**તંત્રી તથા સંપાદક:**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૯, અંક : ૭
સળંગ અંક : ૧૦૩
**માર્ચ ૨૦૧૭**

**લવાજમ (ગુજરાતી)**
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



# દાદાજી કહે છે...

પ્રશ્નકર્તા : દાદા, કેટલીક વખત એમ થાય કે મને આની સૂઝ પડતી નથી. તો આ સૂઝને કયા સંજોગોમાં આવરણ આવે?

દાદાશ્રી : હલકી કોટિના લોકોના પરિચયમાં આવીએ ત્યારે. નીચલી કોટિના લોકોના પરિચયમાં આવોને, ત્યારે આવરણ આવે. પછી એય ગૂંચવાય અને આપણનેય ગૂંચવે.

એટલે હલકી સૂઝવાળાની જોડે પડી રહેવાથી સૂઝ ઓછી થાય છે. સૂઝ જતી રહેતી નથી, પણ હલકા લોકોની સૂઝ હલકી હોય, તેના પરિચયમાં આવવાથી આપણી સૂઝ ઓછી (હલકી) થતી જાય. એટલે પોતાને નકામી થાય છે, યુઝલેસ થાય છે.


મૂરખની સંગત મળે તો મૂરખ થઈ જાય ને ડાહ્યાની સંગત મળે તો ડાહ્યું થઈ જાય. ચોરની સંગત મળે તો ચોર થઈ જાય.

જો તમે ઊંચા ઊંચા માણસના પરિચયમાં રહો તો તમારી સૂઝ ખીલતી જાય. તે તમારે કશો પ્રયત્ન કરવો ના પડે. પરિચયનું જ ફળ ! ટોળામાં એકમેકના વિચારોની અસરો પડે.

અવળા પરિચયથી બધું બગડ્યા જ કરે, બહુ બગડે. ખરાબનો સંગ માણસનું આખું પરિવર્તન જ કરી નાખે. એટલે કુસંગ એ પોઈઝન છે. એનાથી છેટા રહેવું જોઈએ. કુસંગની અસર મન પર થાય, બુધ્ધિ પર થાય, ચિત્ત પર થાય, અહંકાર પર થાય, શરીર પર થાય. ઘણા લોકો કહે છે કે 'હું દારૂડીયા જોડે ફરું છું પણ હું દારૂ નથી પીવાનો.' પણ તું ફરે છે, ત્યાંથી જ તું પીવા માંડીશ. સંગ એનો સ્વભાવ એક દહાડો દેખાડ્યા વગર રહે જ નહીં. માટે સંગ સુધાર.

એટલે જેનો સંગ સુધર્યો એનું બધું સુધર્યું અને જેનો સંગ બગડ્યો એનું બધું બગડ્યું. સૌથી મોટું જોખમ કુસંગ છે. જેમ દૂધ અને દહીં સહેજ નજીક મૂક્યા હોય તો શું થઈ જાય? દૂધ ફાટી ના જાય? દૂધ ફાટી જાય. પછી ચા ના થાય.

એટલે બીજો સંગ પેસવો ના જોઈએ. જેવો 'સંગ એવો રંગ' અને જેવી 'સોબત તેવી અસર.'




આ તો નવી જ વાત !
કુસંગ નિશ્ચયબળને કાપી નાખે.
કુસંગનો ચેપ ટી.બી. કરતાય ખરાબ. ટી.બી. તો એક અવતાર બગાડે, આ તો અનંત અવતાર બગાડી નાખે.


YEAR
YEAR
એક જ વર્ષના
ખરાબ સંગની અસર
પચ્ચીસ-પચ્ચીસ
વર્ષ સુધી રહ્યા કરે.
સત્સંગમાં ગમે
એટલા કષ્ટ પડે
તે સારા. પણ કુસંગમાં
ગમે એટલું સુખ
પણ નકામું.
કુસંગ પેસે
એટલે દિલ બગડે
અને દિલ બગડે
એટલે ભગવાન
મહીંથી ખસી જાય.

# સારી સોબત, કેટલી ગુણકારી !



અંધારી રાત હતી. આજુબાજુ સન્નાટો હતો. રોહનને પોતાના જ દિલના ધબકારા સંભળાઈ રહ્યા હતા. એક દિવાલની પાછળ છુપાઈને એણે સુમસામ ગલીમાં ડોકિયું કર્યું. પેલો ગુંડો ક્યાંય ના દેખાયો. જાન બચાવીને એ ભાગ્યો. ત્યાં તો પોલીસ કારની સાયરન સંભળાઈ અને એને દિલમાં થોડી ધરપત થઈ.

"ઊઠ હવે, સ્કૂલે નથી જવું, એલાર્મ નથી સંભળાતું તને ?" પ્રિયંકાએ એને ઢંઢોળ્યો.

"ઓહ દીદી, મને એમ કે એ પોલીસ કારની સાયરન હતી," આંખો પહોળી કરી રોહને એની બહેન સામે જોયું, "મેં બહુ જ ખરાબ સપનું જોયું. એક ગુંડો મારી પાછળ પડ્યો હતો અને હું....."

"બસ, બસ, રોહન," પ્રિયંકાએ એની વાત કાપી કાઢી, "તું અને તારા આ ખતરનાક સપના ! આખો દિવસ તારા રખડેલ ફ્રેન્ડ્સ સાથે એક્શન મૂવિ જુએ અને હિંસક વિડીયો ગેમ્સ રમે તો આવું જ થાય ને ! સાચું કહું છું રોહન, સારી સોબત રાખ અને તારા આ રખડેલ ફ્રેન્ડ્સની સોબત છોડી દે. નહીં તો રડવાનો વારો આવશે. સમજ્યો તું ? અને હવે, જલ્દી તૈયાર થઈ જા. તારી સ્કૂલની બસ આવી જશે."

"ચેં ચેં ચેં, સવારથી જ 'ચેં ચેં' શરૂ થઈ ગયું આમનું," બેડમાંથી ઊભા થતા રોહન બબડ્યો, "માણસને ચેનથી ઉઠવા પણ નથી દેતા."

પણ, જોવા જઈએ તો, ચેન શું હોય એની રોહનને ખબર જ ક્યાં હતી ? એને તો 'બોર્ડમ' (કંટાળા)ની બિમારી થઈ ગઈ હતી.

સ્કૂલ બસમાં પ્રવેશતા જ રોહનનો અખિલની બૂમ સંભળાઈ, "રોહન, આ જો મારી પાસે શું છે ?" અખિલે પોતાનો નવો મોબાઈલ ફોન ઊંચો કર્યો.

રોહન અખિલ પાસે બેસવા ગયો. ત્યાં તો એની નજર ખૂણામાં બેઠેલા એક છોકરા

પર પડી, "આ કોણ છે ?" રોહનને થયું. પણ, એણે તરત નજર હટાવી લીધી અને અખિલની ગેંગ પાસે જઈને બેસી ગયો, "વાઉ યાર, સો કુલ," રોહને અખિલનો ફોન આગળ પાછળ ફેરવ્યો.

"અને આ જુઓ," અખિલે પોતાના ફોનમાં બધાને કંઈ બતાવ્યું અને બધા એક બીજાને તાળીઓ આપી જોર જોરથી હસવા માંડ્યા.

"જુઓ, આ તમને છેલ્લી વોર્નિંગ આપું છું. જો તોફાન બંધ નહીં કરો, તો પ્રિન્સીપલ મેડમને ફરિયાદ કરી દઈશ," ડ્રાઈવર અંકલ મોટેથી બોલ્યા.

અખિલે એના ફ્રેન્ડ્સ સામે જોઈને કહ્યું, "મેન્ટલ કેસ છે આ ડ્રાઈવર," અને બધા ફરી જોરથી હસી પડ્યા.

રોહનની નજર પાછી પેલા ખૂણામાં બેઠેલા છોકરા પર પડી. એના ચહેરા પર એક અનેરું તેજ હતું. અખિલની મજાક પર એ હસ્યો નહોતો, પણ છતાંય એના જેવી પ્રસન્નતા કોઈના ચહેરા પર નહોતી. "કોણ છે આ ?" રોહનને ફરી થયું, "નવું એડમીશન લીધું લાગે છે."

સ્કૂલ આવી ગઈ અને બધાં છોકરાઓ ઉતરી પડ્યા. રોહનને પેલા નવા છોકરા સાથે વાત કરવાની તક ના મળી.




સાંજે તો સ્કૂલ બસમાં સવારથી વધારે તોફાન થતું. જાણે ઝૂમાંથી પ્રાણીઓને છૂટ્ટા ના મૂક્યા હોય. પણ, ખૂણામાં બેઠેલા પેલા છોકરાને તો આ મસ્તીમાં કોઈ રસ જ નહોતો. એ તો એની જ મસ્તીમાં હતો. પોતાની ચોપડીમાં એ એટલો મગ્ન હતો કે રોહન એની બાજુમાં આવીને બેઠો એનો એને ખ્યાલ પણ ના આવ્યો.

"હાય, આઈ એમ રોહન," રોહને એ છોકરા પાસે જઈને કહ્યું, "નવું એડમીશન લીધું છે ?"

"ઓહ...હાય. સોરી મારું ધ્યાન નહોતું. મારું નામ આદર્શ છે. હા, નવું એડમીશન લીધું છે. ઈનફેક્ટ, મારા માટે તો બધું જ નવું છે. થોડા જ વખત પહેલા મારા પપ્પા ની અહીંયા ટ્રાન્સફર થઈ છે." આદર્શ બોલ્યો.

"શું વાંચે છે ?" રોહનને ઉત્સુક્તા થઈ.
"વાર્તાઓ. શોર્ટ સ્ટોરીસ મને બહુ ગમે. જોઈએ છે આ બુક ?" આદર્શે પૂછ્યું.
"આ દેખાય છે તો શાંત, પણ છે ખાસ્સો ફ્રેન્ડલી," રોહનને મનમાં થયું.
"હા, શ્યોર. થેંક યુ," રોહને કહ્યું.

**જ્યારે જ્યારે મને કોઈ ખોટા મોજશોખ કરવાની લાલચ થાય, ત્યારે મને અચૂક શુલક પગી યાદ આવે.**



તે રાત્રે રજાઈમાં ભરાઈને, રોહને વિડીયો ગેમ હાથમાં લીધી. પણ પછી એને વાર્તાની ચોપડી યાદ આવી. બેગમાંથી ચોપડી કાઢી અને પહેલું પાનું ખોલ્યું. વાર્તા શરૂ થઈ.

આ વાર્તા છે એક નાના બાળકની. નામ હતું એનું શુલક પગી. શુલક પગીના પિતાજીએ પોતાના ખેતરમાં ટેટીઓ વાવી હતી. શુલક પગીએ વિચાર્યું, "જેવી ટેટી પાકશે, હું સૌથી પહેલી ટેટી શ્રીજી મહારાજ માટે લઈ જઈશ."

થોડા વખત પછી ટેટીઓ પાકી. અને એ બાળક શ્રીજી મહારાજ પાસે પહેલી ટેટી લઈને નીકળી પડ્યો. રસ્તામાં ટેટીની મીઠી મીઠી સુંગધથી બાળકને વિચાર આવ્યો, "લાવ, આ ટેટી ખાઈ લઉં."

પણ પહેલી ટેટી મહારાજને ધરાવવાનો નિશ્ચય યાદ આવ્યો, અને એ ચાલવા લાગ્યો.

થોડું આગળ ચાલ્યો અને ફરી એને વિચાર આવ્યો, "મહારાજને તો બધા કેટલી કિંમતી ભેટ સોગાદો આપે છે, મારી આ નાની અમથી ટેટીની શું કિંમત ? લાવ, ખાઈ લઉં."

પણ ફરી એણે એના મનને કહ્યું, "ના, આ ટેટી મહારાજ માટે છે, અને હું મહારાજને જ ધરાવીશ."

આમ પોતાના મન સાથે સંઘર્ષ કરતો કરતો એ બાળક શ્રીજી મહારાજ પાસે પહોંચ્યો અને મહારાજને ટેટી ધરાવી. મહારાજને બાળકના મનનો સંઘર્ષ ખ્યાલ આવી ગયો. ટેટીનો એક ટુકડો ખાઈને મહારાજે બાકીનો પ્રસાદ સભામાં બેઠેલા સહુને વહેંચવા કહ્યો. લાલચને જીતીને, પોતાના નિશ્ચય પર એ બાળક અડગ રહ્યો હતો. અને તેથી જ શ્રીજી મહારાજ એ બાળક પર અત્યંત રાજી થયા અને એને પાંચ કિલો સાકાર ભેટમાં આપી.

વાર્તા પૂરી થઈ અને રોહનની આંખ મીંચાઈ ગઈ. સવારે ઉઠ્યો ત્યારે રોજ કરતા એ વધુ ફ્રેશ હતો.

"હાય રોહન," સ્કૂલ બસમાં આદર્શે રોહનને હાથ કર્યો. રોહન આદર્શ પાસે જઈને બેઠો.

"સ્ટોરીઝ વાંચી ?" આદર્શે પૂછ્યું.

"હા…શુલક પગીની," રોહને કહ્યું.

"એ તો મારી ફેવરીટ છે," આદર્શ આજે એકદમ વાતો કરવાના મૂડમાં હતો. "જ્યારે જ્યારે મને કોઈ ખોટા મોજશોખ કરવાની લાલચ થાય, ત્યારે મને અચૂક શુલક પગી યાદ આવે. લાલચ જો ટળી જાય, તો ભગવાન આપણા પર કેટલા રાજી થાય. એ ખોટા મોજશોખની મજા કરતા ભગવાન આપણા પર રાજી છે, એ વાતની ખુમારી કંઈક ઓર જ હોય." આ શબ્દો બોલતાં જ આદર્શના મોઢા પર આનંદ આવી ગયો. આદર્શની વાત રોહનને સ્પર્શી ગઈ.

ત્યાં તો અચાનક સ્તુતિએ ચીસ પાડી. અને અખિલ અને એના મિત્રો જોરથી હસી પડ્યા.

"સ્તુતિ, અમે તને ઉલ્લુ બનાવી! એ તો પ્લાસ્ટિકની ગીલોડી છે !" અખિલે બૂમ પાડી. સ્તુતિની આંખમાં આંસુ આવી ગયા.

ડ્રાઈવર અંકલે પાછળ જોયું અને બોલ્યા, "આજે તમારી વાત છે."

તે સાંજે સ્કૂલ બસમાં એક અજીબ સન્નાટો હતો. પ્રિન્સીપલ મેડમની ઓફિસમાં અખિલ અને એની ગેંગને પનીશમેન્ટ મળી હતી અને એમના પેરેન્ટ્સને સ્કૂલે બોલાવવા માટે એક લેટર પણ મળ્યો હતો.

પેરેન્ટ્સને સ્કૂલે બોલાવવાના ડરથી અખિલની આંખો રડી રડીને સૂજી ગઈ હતી. દીદીએ કહેલા શબ્દો રોહનને યાદ આવ્યા. એને થયું, "જો આજે સવારે હું પણ અખિલ સાથે બેઠો હોત તો મારે પણ રડવાનો વારો આવ્યો હોત. આદર્શ સાથે વિતાવેલો થોડો જ સમય, મારા માટે કેટલો લાભદાયક બની ગયો ! જો થોડા જ સમયની સારી સોબત આટલી ગુણકારી હોય, તો હંમેશ માટે સારી સોબત કેમ ના રાખું ?"

અને રોહન આદર્શ પાસે જઈને જ બેસી ગયો.

# અવસર



પરીક્ષાનો છેલ્લો દિવસ હતો.....
પરીક્ષા પૂરી થયા પછી સ્કૂલના ગેટ પાસે મળીએ. બધાની મૂવિની ટિકિટ મારી પાસે છે.
થીયેટરમાં એરકંડીશન ચાલું હતુ, પણ મયંકને પરસેવો છૂટી રહ્યો હતો.
હું ફેલ થઈશ તો ! લાઈફમાં ફર્સ્ટ ટાઈમ ફેલ થઈશ. મમ્મી-પપ્પા શું કહેશે ?
આખું વર્ષ શશાંક અને એની ગેંગ સાથે મૂવિ, હોટલ અને પાર્ટીઓમાં વિતાવી દીધું. આ મેં શું કર્યું ? હવે શું થશે ?
આજે પહેલી વાર મયંકને મૂવિમાં સહેજ પણ ધ્યાન નહોતું. મૂવિ પૂરી થતાં,
આજે રાત્રે મારા ઘરે પાર્ટી હો જાયે ?
સોરી યાર, મારાથી નહીં અવાય. મનીષભાઈએ સોસાયટીના બધા જ બાળકો માટે એમની ટેરેસ ઉપર પાર્ટી રાખી છે. મારે એમાં જવું છે.



પાર્ટીમાં સહુનો ઉત્સાહ સમાતો નહોતો.
બધાં કેટલી મજા કરી રહ્યા છે. હું પણ તો દર વર્ષે બધા સાથે આમ જ મજા કરતો હતો.
પણ આજે મયંક બધાની સાથે હોવા છતાંય બધાથી ખૂબ દૂર હતો. આખું વર્ષ એણે પોતાના સોસાયટીના ફ્રેન્ડ્સને છોડી, નવા ફ્રેન્ડ્સ સાથે રખડપટ્ટી કરી હતી.
પાર્ટી પૂરી થતાં,
મયંક, તું થોડી વાર રોકાઈશ ? મને મદદ જોઈએ છે.
શ્યોર મનીષભાઈ. આખું વર્ષ તમારી કોઈ વાત સાંભળી નથી. પણ આજે ચોક્કસ સાંભળીશ.


ટેરેસ પર હવે એ બે સિવાય બીજું કોઈ નહોતું.
મયંક, તને શું થયું છે ? તુ સ્વસ્થ નથી લાગતો.
મયંકે પોતાના બે હાથ વચ્ચે મોઢું દબાવી દીધું.
મનીષભાઈ, મને બહુ જ બીક લાગે છે. આજની પરીક્ષા બહુ જ ખરાબ ગઈ છે. હું ચોક્કસ ફેલ થવાનો છું.
મને ખબર છે કે તમે ઘણી વાર મને શશાંક અને એની ગેંગ સાથે ન જવા માટે ટોક્યો હતો. પણ મેં તમારું સાંભળ્યું નહીં.
મયંક, તને યાદ છે, ગઈ સાલ હું મારા મિત્ર રાહુલ સાથે નેપાળ ગયો હતો ?
હા...
ત્યાં એક ધર્મશાળાની બહાર મેં એક માણસને જોયો. એના પગમાં અલ્સર થયું હતું. એની દયા ખાઈને લોકો એને પૈસા આપીને જતા.
અમારે એ વ્યક્તિને હોસ્પિટલ લઈ જઈ એનો ઉપચાર કરાવવો હતો. પણ ત્યાંના ગાઈડે અમને રોક્યા.
કેમ...


ગાઈડે અમને કહ્યું કે 'એ વ્યક્તિને સાજા થવાની કોઈ ઈચ્છા નથી.' લોકોની દયા ખાઈને બેઠાં બેઠાં પૈસા મેળવવામાં એને સુખ લાગતું હતું.
ખરાબ સોબત પણ આ અલ્સર જેવી છે. અલ્સર વ્યક્તિનું શરીર કોરી ખાય, એમ ખરાબ સોબત વ્યક્તિનું જીવન કોરી ખાય.
જેમ હોસ્પિટલના દરવાજા એ વ્યક્તિ માટે ખુલ્લા હોવા છતાંય, એને સાજા નહોતું થવું, તેમ ખરાબ સોબતમાં પડેલો વ્યક્તિ પણ ગંદવાડામાં સુખ માને અને જીવન વેડફી નાખે.
મયંકને મનીષભાઈની વાતનો અર્થ સમજાયો. એણે મનીષભાઈના બંને હાથ પકડી લીધા.
પણ મનીષભાઈ, મારે તો સાજા થવું છે. મને તમારી હોસ્પિટલમાં એડમિટ કરશો ને ?
મનીષભાઈ મીઠું હસ્યા. ટેરેસ પર હવે ઠંડક થઈ ગઈ હતી. પણ ખરાબ સોબતમાંથી બહાર નીકળવાના નિશ્ચયથી અને એથીએ વધુ ઠંડક મયંકના દિલમાં થઈ ગઈ હતી.



# મીઠી યાદેં

એક બ્રહ્મચારી ભાઈ દર શનિ-રવિ, આજુબાજુના ગામોમાં સત્સંગ માટે જતા. એકવાર નીરૂમાએ એક ૧૮-૧૯ વર્ષના છોકરાને, એ બ્રહ્મચારી ભાઈ સાથે સત્સંગમાં મોકલ્યો. એ છોકરો થોડો ડિપ્રેસીવ હતો. એના મમ્મી-પપ્પા નીરૂમા પાસે સત્સંગમાં આવતા. છોકરાને થોડું આઉટીંગ મળે અને થોડો સત્સગં મળે, એ હેતુથી નીરૂમાએ એ છોકરાને, પેલા બ્રહ્મચારી ભાઈ સાથે સત્સંગમાં મોકલ્યો હતો.

બ્રહ્મચારી ભાઈને એમ કે નીરૂમાએ એને મારી મદદમાં મોકલ્યો છે. કોઈ છોકરાને પોતાની મદદ માટે મોકલાવ્યો છે, એ વિચારથી પેલા બ્રહ્મચારી ભાઈનું માન ચગી ગયું. પોતાનું લેવલ કંઈ ઊંચું આવી ગયું છે અને તેથી એમને આસીસટન્ટ મળ્યો છે, એવું એમને થવા લાગ્યું.


સોમવારે સવારે, પોતાને અંદર જે જે ઊભું થયું હતું, તે ફૂલસ્કેપ પેપર પર લખીને, એ બ્રહ્મચારી ભાઈએ નીરૂમાને આપ્યું. નીરૂમાએ પેપર વાંચ્યું. અને પછી એ ભાઈને સત્સંગ માટે જવાનું બંધ રખાવ્યું.

તે વખતે એ ભાઈને નીરૂમાની આંખોમાં કોઈ સજાનો ભાવ નહીં પણ કરુણા જ દેખાઈ.

**જ્ઞાનીનું કેવું અજબ-ગજબનું પ્રોટેક્શન હોય. જે જગત્ કલ્યાણના માર્ગે આગળ વધતા હોય, તે માનના ઘોડા પર ન ચડે અને મોક્ષમાર્ગમાંથી ફેંકાઈ ના જાય, એવું રક્ષણ એને આપે અને ખૂબ પ્રેમથી પ્રકૃતિના રોગોમાંથી બહાર કાઢે.**

# ચાલો રમીએ...

નીચે આપેલ દિવાસળીમાંથી કોઈ પણ એક દિવાસળીને એવી રીતે ખસેડો કે જવાબ ૮ આવે.



## રસ્તો શોધો



બાજુમાં આપેલ ચિત્રમાંથી છુપાયેલા 6 Word શોધો.



મહારાષ્ટ્રમાં મહાન સંત તુકારામ થઈ ગયા. એક ગરીબ બ્રાહ્મણ, સંત તુકારામ પાસે પોતાની દીકરીના લગ્ન માટે પૈસાની માંગણી કરવા ગયો. પણ તુકારામ પાસે બ્રાહ્મણને આપવા માટે કશું જ નહોતું. એટલે એમણે બ્રાહ્મણને ગામના ધનવાન લુહાર, શિવાભાઈ પાસે મોકલ્યો. શિવાભાઈ તુકારામને બિલકુલ પસંદ નહોતા કરતા.

જ્યારે એમણે જાણ્યું કે તુકારામે બ્રાહ્મણને મોકલ્યો છે, ત્યારે રોષે ભરાઈને, એમણે એક જૂનો પિત્તળનો સિક્કો બ્રાહ્મણને આપીને એને રવાના કરી દીધો.

બ્રાહ્મણ તો નિરાશ થઈ ગયો. એક નાના અમથા પિત્તળના સિક્કાથી તો વળી શું કામ થાય ?

તુકારામ પાસે આવીને એણે બધી વાત કરી. તુકારામે એ સિક્કો અગ્નિમાં ફેંક્યો. જોગાનુજોગ, સિક્કો સોનાનો બની ગયો. ગરીબ બ્રાહ્મણના આનંદનો પાર ના રહ્યો. બ્રાહ્મણ તો હવે જેને મળે એને તુકારામે બનાવેલા સોનાના સિક્કાની વાત કરે.

આ વાત શિવાભાઈના કાને પડી. શિવાભાઈએ વિચાર્યું, "ચોક્કસ, તુકારામ પાસે કોઈ ચમત્કારિક વિદ્યા હોવી જોઈએ. એની પાસે રહીને હું એ વિદ્યા શીખી લઉં."

એમ વિચારી શિવાભાઈ, તુકારામ પાસે ગયા અને જાણે પોતે તુકારામના શિષ્ય બનવા આવ્યા હોય એવો ડોળ કર્યો, "મારે મારું જીવન સુધારવું છે. થોડા દિવસ મને તમારી પાસે રહેવાની પરવાનગી આપો."

તુકારામે તો તરત શિવાભાઈની વાત સ્વીકારી લીધી. અને આમ ચમત્કારિક વિદ્યા શીખવાની લાલચથી શિવાભાઈ તુકારામ સાથે રહેવા લાગ્યા.

થોડા દિવસ સુધી તુકારામની રહેણી-કરણી જોયા પછી શિવાભાઈને અહેસાસ થયો કે તુકારામ પાસે એવી કોઈ ચમત્કારિક વિદ્યા નથી. પણ તુકારામ સાથે થોડા જ દિવસો રહેવાથી શિવાભાઈને પોતાની અંદર પરિવર્તનનો અહેસાસ થયો.

ફક્ત તુકારામને જોવાથી જ શિવાભાઈની અંદર ફેરફાર થઈ ગયો હતો. એમનું મન ભક્તિ તરફ વળી ગયું હતું.

તુકારામ પાસે જઈને શિવાભાઈએ કબૂલ કર્યું, "મને માફ કરજો. હું આપની પાસે પિત્તળને સોનું બનાવવાની ચમત્કારિક વિદ્યા જાણી લેવા આવ્યો હતો. પણ સાચું કહું તો મને ભક્તિ તરફ વાળીને, તમે મારું લોભથી ખરડાયેલું પિત્તળ જેવું મન સોનાનું બનાવી દીધું."

**જોયું બાળમિત્રો, સારી સોબતની કેવી ચમત્કારિક અસર હોય છે.**

# ઐતિહાસિક ગૌરવગાથા


ચોક્કસ, તુકારામ
પાસે કોઈ ચમત્કારિક
વિદ્યા હોવી જોઈએ.
એની પાસે રહીને હું
એ વિદ્યા શીખી લઉં.

# ગુરૂકૂળ ખાતે આંમત્રિત પૂજ્યશ્રી

## થીમ-Ego Hospital






સ્વાગત



રંગોળી



ભોજન



ઇન્ફોર્મલ

ગમ્મત સાથે જ્ઞાન







## ગ્રુપ ફોટો





## વિશેષ પ્રસ્તુતિ



## આપ્તપુત્રો સાથે ઇન્ફોર્મલ

'અક્રમ એક્સપ્રેસ' માસિકની માહિતી – ફોર્મ નં. ૪ (રૂલ નં. ૮)

૧. પ્રકાશનનું સ્થળ : ૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૪

૨. પ્રકાશનનો સમય : માસિક

૩. મુદ્રકનું નામ : અંબા ઓફસેટ, રાષ્ટ્રીયતા : ભારતીય,

સરનામું : પાર્શ્વનાથ ચેમ્બર્સના બેઝમેન્ટમાં, નવી આરબીઆઇ પાસે, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૪

૪. પ્રકાશનનું નામ : મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા, રાષ્ટ્રીયતા : ભારતીય,

સરનામું : ૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૪

૫. તંત્રીનું નામ : ડિમ્પલ મહેતા, રાષ્ટ્રીયતા : ભારતીય, સરનામું : ઉપર મુજબ.

૬. માલિકોના નામ : મહાવિદેહ ફાઉન્ડેશન, રાષ્ટ્રીયતા : ભારતીય, સરનામું : ઉપર મુજબ.

હું ડિમ્પલ મહેતા, આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૮-૩-૨૦૧૭, અમદાવાદ. મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા (પ્રકાશકની સહી)

## પઝલના જવાબો

1




2



3

1) FISH 4) HOT
2) BOY 5) TREE
3) NICE 6) WAVE

Akram Express
March 2017
Year : 9, Issue : 7
Conti. Issue No.: 103

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month

# સમર કેમ્પ ૨૦૧૭

| સેન્ટર | ગ્રુપ C ૪ થી ૭ વર્ષના બાળકો | ગ્રુપ C ૮ થી ૧૨ વર્ષના બાળકો | સંપર્ક નંબર |
|---|---|---|---|
| સીમંધર સીટી | ૨૯ એપ્રિલ | ૨૩,૨૪ એપ્રિલ ( ૮ થી ૧૦ વર્ષ),<br>૨૫, ૨૬ એપ્રિલ(૧૧ -૧૨ વર્ષ) | ૦૭૯-૩૯૮૩૦૯૩૯<br>૦૭૯-૩૯૮૩૦૯૩૯ |
| સુરત | ૯ એપ્રિલ | ૨૫, ૨૬ એપ્રિલ | ૯૭૨૫૮૩૨૭૦૪ |
| બરોડા | | ૨૩,૨૪ એપ્રિલ | ૮૯૮૦૯૯૫૨૫૫ |
| સુરેન્દ્રનગર | | ૨૩,૨૪ એપ્રિલ | ૯૪૨૬૫૭૯૦૬૪ |
| ભરૂચ | | ૨૪ એપ્રિલ | ૯૬૬૨૫૨૦૯૯૮ |
| ભુજ | | ૩,૪ મે | ૯૯૨૪૩૪૫૫૮૮ |
| ગાંધીધામ | | ૧ મે | ૯૯૭૮૪૯૩૫૬૮ |
| રાજકોટ | ૩ મે | ૨૯, ૩૦ એપ્રિલ | ૯૭૨૩૫૯૧૬૦૬ |
| મોરબી | | ૨ મે | ૯૭૨૬૩૮૮૭૯૨ |
| જામનગર | | ૨૯, ૩૦ એપ્રિલ | ૯૭૨૩૧૪૭૩૧૮ |
| ભાવનગર | | ૨૯, ૩૦ એપ્રિલ | ૯૯૨૪૩૪૪૪૨૫ |
| વલસાડ | | ૨૩ એપ્રિલ | ૯૯૭૪૦૯૦૩૨૧ |
| મેહસાણા | | ૩૦ એપ્રિલ | ૯૮૨૪૯૨૯૭૮૨ |
| અંકલેશ્વર | | ૧૨ માર્ચ | ૯૦૩૩૫૨૬૦૫૦ |
| મુંબઈ | | (ડોમ્બીવલી ૧૬ એપ્રિલ, દાદર-૨૨-એપ્રિલ, બોરીવલી અને ઘાટકોપર ૨૩-એપ્રિલ) વાશી ૧લી મે | ૮૬૫૨૮૯૦૦૬૬ |

**નોંધ** ૧) સમરકેમ્પમાં ભાગ લેવા માટે આપના નજીકના સેન્ટર પર રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજિસ્ટ્રેશન ચાર્જ નોન રિફંડેબલ રહેશે.

૨) રજિસ્ટ્રેશન માટે બાળક/યુવાનની ઉંમર અને ધોરણ પ્રમાણે જે વિભાગો પાડીને તારીખો નક્કી થઈ છે તે મુજબ થશે. જે તે સમર કેમ્પની તારીખના ૧૦ દિવસ અગાઉ રજિસ્ટ્રેશન બંધ કરવામાં આવશે. ત્યાર બાદ રજિસ્ટ્રેશન માટે તત્કાલ ચાર્જ લેવામાં આવશે.

૩) સીમંધર સીટી સમર કેમ્પ માટે રજિસ્ટ્રેશન ત્રિમંદીર સંકુલના 'સ્ટોર ઓફ હેપીનેસ' માં સવારે ૯-૩૦ થી ૧૨, સાંજે ૪ થી ૭ દરમ્યાન જે તે સમર કેમ્પના ૧૦ દિવસ અગાઉ સુધી રૂબરૂ થઈ શકશે, આ રજિસ્ટ્રેશન ૨૦ માર્ચથી શરૂ કરવામાં આવશે.

-સંપર્ક સૂત્ર -૦૭૯-૩૯૮૩૦૯૩૯

અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. AGIA4313 # અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. AGIA4313 # #. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો SMS કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા ID No., ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.